For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### એર ઇન્ડિયા એક્સપ્રેસ સુરતથી બેંગકોકની ફ્લાઇટ શરૂ કરશે

# હવે માત્ર ચાર કલાકમાં સુરતથી બેંગકોક પહોંચી જવાશે

**નવેમ્બર** એન્ડ અથવા ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી વીકમાં 4 દિવસ સોમ,બુધ,શુક્ર અને રવિવારે ફ્લાઇટ ઊડશે

સુરતઃ એર ઈન્ડિયા એક્સપ્રેસનું બેંગકોક ખાતે સ્ટેશન સ્થાપિત થયા પછી એરલાઈન્સે વિન્ટર શિડ્યુલમાં નવેમ્બર અંતમાં અથવા ડિસેમ્બરનાં પ્રથમ સપ્તાહમાં વીકમાં 4 દિવસ સુરત - બેંગકોક - સુરત ફ્લાઈટ શરૂ કરવાની તૈયારી કરી છે. સોમ, બુધ, શુક્ર અને રવિવારે આ ફ્લાઈટ સુરતથી સવારે 06.30 કલાકે બેંગકોક જવા ટેક ઓફ થશે.અને અને બેંગકોકના સુરત બપોરે 14.50 કલાકે

...અનુસંધાન પાના 5 પર

**એર ઇન્ડિયા એક્સપ્રેસની નવી આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક ફ્લાઇટ**

| સુરત આવશે | ફ્લાઇટ | સુરતથી ઉપડશે |
|---|---|---|
| 14.50 | બેંગકોક (સોમ,બુધ,શુક્ર, રવિ) (નવે. અંત અથવા ડિસે. પ્રથમ સપ્તાહથી શરૂ થશે) | 06.30 |
| 08.20 | મુંબઈ (ડેઇલી) (28 ઓકટોબરથી શરૂ થવાની શક્યતા ) | 08.50 |
| 22.00 | ચેન્નાઇ (સોમ,બુધ,શુક્ર, રવિ) ( 28 ઓકટોબરથી) | 16.20 |

**સ્ટાર એરની નવી ડોમેસ્ટિક ફ્લાઇટ**

| | | |
|---|---|---|
| 09.25 | જામનગર (ડેઇલી) (29 ઓકટો. સંભવિત પ્રારંભ ) | 12.55 |
| 09.55 | ભુજ (ડેઇલી) (29 ઓકટો. સંભવિત પ્રારંભ ) | 12.25 |
| 12.15 | મુન્દ્રા (મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ) (29 ઓકટો. સંભવિત પ્રારંભ ) | 12.45 |
| 13.55 | જોધપુર (સોમ, મંગળ, ગુરૂ, શનિ) (29 ઓકટો. સંભવિત પ્રારંભ ) | 14.25 |







### સ્ટાર એર સુરતથી જામનગર, ભુજ, મુન્દ્રા અને જોધપુરની ફ્લાઇટ શરૂ કરશે

એર ઇન્ડિયા એક્સપ્રેસ વિન્ટર શિડ્યુલથી ચેન્નાઇ - સુરત અને સુરત - બેંગકોક બે ફ્લાઇટ શરૂ કરશે, એવી જ ...અનુસંધાન પાના 5 પર

### એર ઇન્ડિયા એક્સપ્રેસ મુંબઈ-સુરત-મુંબઈની ડેઇલી ફ્લાઇટ પણ શરૂ કરશે

એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા 28 ઓકટોબરથી સુરત એરપોર્ટથી મુંબઈ - સુરત - મુંબઈની ડેઇલી ફ્લાઇટ શરૂ કરવા મંજૂરી મેળવી લેવામાં આવી છે. આ ફ્લાઇટનું બુકિંગ પણ ટૂંક સમયમાં થશે.સવારે 08.20 કલાકે વિમાન સુરત એરપોર્ટ લેન્ડ થશે અને સુરતથી સવારે 08.50 કલાકે ટેકઓફ થશે. મુંબઈ - સુરત - મુંબઈની ડેઇલી ફ્લાઇટ માટે સુરત ડાયમંડ બુર્સ કમિટી એ 50 ટકા ...અનુસંધાન પાના 5 પર

### સાપુતારાનું સર્પગંગા તળાવ સોળે કળાએ ખીલી ઊઠ્યું



(તસવીર : ગીરીશ ભોયે)

■ સાપુતારાઃ ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે ગુરુવારે વરસાદી માહોલે વિરામ લેતા સર્પગંગા તળાવ ખાતે સમી સાંજે નયનરમ્ય દૃશ્યો સર્જાયાં હતાં. ગિરિમથક સાપુતારાનું કુદરતી સૌંદર્ય ફરી એકવાર ખીલી ઊઠ્યું છે. ગુરુવારથી ડાંગ જિલ્લામાં વરસાદી માહોલે વિરામ લીધો છે, ત્યારે સાપુતારાના સર્પગંગા તળાવનો સાંજનો નજારો આહલાદક બનતો જોવા મળ્યો હતો. સમી સાંજે સૂર્યાસ્ત વખતે તળાવમાં પડતા સૂર્યનાં કિરણોએ આકાશ અને પાણીને એકદમ અલૌકિક રંગોમાં રંગી દીધું હતુ. જો કે, હાલમાં બોટિંગની પ્રવૃત્તિ બંધ હોવાથી પ્રવાસીઓ તળાવના કિનારેથી જ આ નજારો માણતા જોવા મળ્યા હતા. સાપુતારા ખાતે આવતા પ્રવાસીઓ માટે સર્પગંગા તળાવ એક મુખ્ય આકર્ષણ છે. વરસાદ બાદ તળાવની આસપાસનું વાતાવરણ ઠંડુ અને આનંદદાયક બની ગયું હતું. સમી સાંજે સૂર્યાસ્ત વેળાએ કુદરતે છુટ્ટા હાથે સૌંદર્ય વેરતા તળાવમાં ઉભી બોટ પણ સૂર્યાસ્તનાં કિરણોને ઝીલી સ્મિત રેલાવી બંધ નૌકાવિહારની જાણે મજાક ઉડાવતી હોય તેવા દ્રશ્યો ખડા કર્યા હતા.

# આજે સામાન્યથી 14 ટકાથી મોટો 'વિરાટ' ચન્દ્ર દેખાશે


**સ્ટાર** ગેઝિંગ ઇન્ડિયાના નરેન્દ્ર ગોરે કહ્યું કે સામાન્ય અંતર કરતાં 26,986 કિ.મી. નજીક આવશે



સુરત : આવતીકાલે શુક્રવારે તા. 17 મી ઓકટોબરના રોજ શરદ પૂર્ણિમા પછી સુપર મુન (વિરાટ ચન્દ્ર) ની અલૌકિક ઘટના બનવાની છે. શરદ ઋતુ અને અશ્વિન માસમાં અશ્વિની નક્ષત્રમાં રહેલ ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક આવશે. જે બાબતે લોકોમાં કેટલીક શંકા, ઉત્કંઠા તથા જીજ્ઞાસા છે.શુક્રવારે સામાન્યથી 14 ટકાથી મોટો વિરાટ ચન્દ્ર દેખાશે. સામાન્ય અંતર કરતાં 26,986 કિ.મી. નજીક આવશે,વિરાટ ચન્દ્ર ને નિહાળવા તેને ઉગતી વખતે જોવા સ્ટાર ગેઝીંગ ઇન્ડિયાનાં નરેન્દ્ર ગોર "સાગર"એ અપીલ કરી છે. કચ્છના ભુજ સ્થિત સ્ટાર ગેઝીંગ ઇન્ડિયાનાં નરેન્દ્ર ગોરે જણાવ્યું હતું કે,

સુપર મુન એટલે શું? એ જાણવું જરૂરી છે,ચન્દ્ર પૃથ્વીની આસપાસ ગોળાકાર નહીં પણ અંડાકાર કક્ષામાં પરિક્રમણ કરે છે. આથી ચન્દ્ર અને પૃથી વચ્ચેનું અંતર હમેશાં એક સરખું રહેતું નથી. ચન્દ્ર પૃથ્વીની નજીક આવે તેને ખગોળની ભાષામાં પેરિજી (નીચ બિંદુ) કહેવાય છે અને જ્યારે તે સૌથી દૂરના બિંદુએ હોય ત્યારે તેને એપિજી (ઉચ્ચ બિંદુ) કહેવામાં આવે છે. ચન્દ્ર 27.3 દિવસમાં પૃથ્વીની પરિક્રમા પુરી કરતો હોઈ દર માસે એક વખત પૃથ્વીની નજીક અને દૂર આવતો હોય છે. જ્યારે કોઈ પદાર્થ આપણી આંખની નજીકના અંતરે હોય ત્યારે તેનું કદ મોટું જણાય છે અને જો તે દૂર હોય તો તેનું કદ નાનું દેખાય છે. ચન્દ્ર જ્યારે પૃથ્વીની નજીક હોય તે દિવસે જો પૂનમ હોય તો અન્ય પૂનમના દિવસોએ દેખાતા ચન્દ્ર કરતાં તેનું કદ મોટું દેખાય છે. ચન્દ્ર અને પૃથ્વી વચ્ચેનું સરેરાશ અંતર ૩,૮૪,૪૦૦ કિ,મી, છે. ૧૭ મી ઓકટોબરના રોજ સાંજે ૬ .૦૦ વાગે ચન્દ્ર પૃથ્વીથી ૩,૫૭,૪૧૪ કિ.મી. હશે જે સામાન્ય અંતર કરતાં ૨૬,૯૮૬ કિ,મી, જેટલું નજીક હશે. ચંદ્ર અને પૃથ્વી વચ્ચે ઓછામાં ઓછું અંતર તા. ૧૭ મી ઓકટોબરના રોજ સવારે ૬ વાગીને ૩૨ મિનિટે હતું. તે વખતે આ અંતર ૩,૫૭,૧૬૪ કિમી હતું જે ૨૫૦ કિમી ઓછું હતું. એટલે ટેકનીકલી સુપર મૂનની ઘટના સવારે બની ગઈ છે પરંતુ આજે રાત્રે એટલે કે સુર્યાસ્ત બાદ પણ

...અનુસંધાન પાના 5 પર




### ખગોળપ્રેમીઓ માટે સારા સમાચાર

# ઘણાં વર્ષો પછી પૂંછડિયો તારો એટલે કે ધૂમકેતુ દેખાશે

**સુરતીઓને** પણ આ લાહવો માણવાની તક મળશે, 23 ઓક્ટોબર સુધી આ ધુમકેતુ દેખાશે



સુરતઃ જેમને અવકાશી ઘટનાઓમાં રસ છે તેમના માટે સારા સમાચાર છે. સુરતીઓને પણ આ લાહવો માણવાની તક છે. ઘણાં વર્ષો પછી ધૂમકેતુ જોવા મળશે. જો એક દિવસ ન દેખાય તો ચિંતા કરવા જેવું નથી. 23 ઓક્ટોબર સુધી આ ધુમકેતુ દેખાવાની શક્યતા છે.

જાણીતા ખગોળશાસ્ત્રી ધનંજય રાવલ જણાવે છે કે, ઘણાં વર્ષો પછી પૂંછડિયો તારો એટલે કે ધૂમકેતુ દેખાવાનો છે. તે જોવાનું ચૂકવા જેવું નથી. હવે આકાશ સ્વચ્છ થતું જાય છે. જો આ તુસુચિન્શાન-એટલાસ ધૂમકેતુ જોવો હોય તો તેની તૈયારી આ રીતે કરો. સૌપ્રથમ તમે કોઈપણ એસ્ટ્રોનોમિકલ એપ તમારા મોબાઇલમાં ડાઉનલોડ કરી દો. સૂર્યાસ્ત થાય એ પહેલાં તમે જ્યાં પણ રહેતા હો ત્યાંથી ઉત્તર-પશ્ચિમના વિસ્તારમાં જતા રહો. કારણ કે, આ વિસ્તારમાં જે-તે શહેર કે ગામની લાઇટનો

...અનુસંધાન પાના 5 પર

# ઉધના-ચલથાણ વચ્ચે ચાલુ ટ્રેનમાં 5 પ્રવાસીને લૂંટી લેવાયા

**રેલવે** પોલીસે ત્રીજા દિવસે ગુનો દાખલ કર્યો, એક આરોપી પકડ્યાનો દાવો કરતી પોલીસ

સુરતઃ ઉધના-ચલથાણ રેલવે સ્ટેશન વચ્ચે મંગળવારે રાત્રે ચાલતી મહામના એક્સપ્રેસમાં ટ્રેનમાં લૂંટની ઘટના બનતાં પ્રવાસીઓમાં ભય ફેલાઈ ગયો હતો. પાંચેક પ્રવાસીઓ પાસેથી મોબાઈલ ફોન સહિત 70 હજાર રૂપિયાની મત્તાની લૂંટ કરી ચાલતી ટ્રેનમાં ઊતરી ગયા હતા. રેલવે પોલીસે ત્રીજા દિવસે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો હોવાનો દાવો કર્યો છે.

રેલવે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના મહારાજગંજના વતની વાજીદઅલી ઇશાદઅલી સુરતમાં લિંબાયતમાં મીઠી ખાડી ખાતે ગીરીરાજનગરમાં રહે છે. અહીં હમવતનીઓ સાથે ડાઈંગ મિલમાં મોકરી કરી વતનમાં રહેતા પરિવારજનોનું ભરણપોષણ કરે છે. હાલમાં દિવાળી મનાવવા માટે તે હમવતનીઓ સાથે વતન જવા નીકળ્યો હતો. વાજીદઅલી 15મી ઓક્ટોબરે સુરતથી વારાણસી જવા નીકળ્યો હતો. તે એકતાનગર-વારાણસી મહામના એક્સપ્રેસમાં જનરલ ડબ્બામાં બેઠો હતો. ટ્રેન ઉધનાથી ભુસાવલ તરફ આગળ વધી ત્યારે ત્રણેક લુંટારુઓ ટ્રેનમાં ચઢ્યા હતા. તેમણે વાજીદઅલી સહિતના પ્રવાસીઓને ધમકી આપીને જે કાંઈ હોય તે આપી દેવા જણાવ્યું હતું. પ્રવાસીઓએ કાંઈ નહીં આપતાં લુંટારુઓએ મારઝૂડ શરૂ કરી હતી. પાંચેક પ્રવાસીઓ પાસેથી મોબાઈલ ફોન સહિતનો 70 હજાર રૂપિયાનો મુદ્દામાલ લૂંટી

...અનુસંધાન પાના 5 પર

### સ્ટોલ ભાજપના મહિલા હોદ્દેદારનો હોવાથી મહિલા અધિકારીએ પૈસા ચૂકવવા પડ્યા, નહીંતર?

# લ્યો બોલો, ચોકીદાર જ ચોર : નવરાત્રિ મેળામાં મનપાના મહિલા અધિકારીએ કપડાં લીધાં, પણ પેમેન્ટ ના ચૂકવ્યું

**યુસીડીના** જવાબદાર મહિલા અધિકારીએ સાડા ચાર હજારનાં કપડાં લીધા બાદ હાથ ઊંચા કરી દેતાં મામલો કમિશનર સુધી પહોંચ્યો : પગ નીચે રેલો આવતાં મહિલા અધિકારીએ ફટાકથી રૂપિયા ચૂકવી દીધા

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વજૂથ યોજનાની મહિલાઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે અને સ્વનિર્ભર થઈ શકે તે માટે રક્ષાબંધનમાં રાખી મેળા અને નવરાત્રીમાં નવરાત્રી મેળા જેવા આયોજનો કરી મનપાની જગ્યા પર સ્ટોલ મુકવાની વ્યવસ્થા કરી અપાઇ છે. જો કે મનપાના આ સારા પ્રયાસને અમુક અધિકારીઓ દાગ લગાડી રહ્યા છે. આ વખતે યુસીડી વિભાગ દ્વારા જુદા જુદા ઝોનમાં 30 સપ્ટેમ્બરથી 11 ઓક્ટોબર દરમિયાન નવરાત્રિ મેળા અંતર્ગત સ્ટોલ લગાડી સ્વજૂથ સહાયની મહિલાઓને રોજગારી માટે વ્યવસ્થા કરાઈ હતી. જો કે, યુસીડી વિભાગના એક મહિલા અધિકારીએ એક સ્ટોલ પરથી નવરાત્રિના કપડાની ખરીદી કરી લીધા બાદ પૈસા નહીં ચુકવતા વિવાદ થયો છે અને મનપા કમિશનરને ફરિયાદ થઈ હતી. જો કે પગ નીચે રેલો આવતા મહિલા અધિકારીએ યુસીડીના સ્ટાફને મોકલી રૂપિયા ચુકવી દીધા હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી વિગતો મુજબ અઠવા ઝોનમાં મનપાના નવરાત્રિ મેળામાં ભાજપના એક મહિલા હોદ્દેદારનો પણ સ્ટોલ હતો. આ સ્ટોલ પરથી નવરાત્રી મેળાનું આયોજન કરનાર મનપાના યુસીડી વિભાગના જ ઉચ્ચ મહિલા અધિકારીએ નવરાત્રી માટે

...અનુસંધાન પાના 5 પર

# સુરતનો પોતીકો તહેવાર વિદેશમાં પણ ઉજવાતો થયો

**આજે** સુરતનો પોતીકો તહેવાર ચંદની પડવો, ઠેર ઠેર જમાવટ કરશે સુરતીઓનો ઘારી મેળો




(તસવીર : હેમંત ડેરે)

**દાયકાઓ પહેલા મરણ પ્રસંગે ખવાતી ઘારી, હવે સુરતનો ટ્રેડમાર્ક બની ગઇ**

આજે ઘારી સુરતની ઓળખ બની ગઇ છે, ત્યારે એક વાત યાદ કરવી ઘટે કે સુરતમાં ઘારીનું ચલણ પ્રેત ભોજન (મરણ પ્રસંગે) તરીકે શરૂ થયું હતું. એવું મનાય છે કે, અગાઉ શબવાહિની કે સ્મશાન રથો નહોતા ત્યારે મરણ પામેલા સ્વજનની અર્થી કાંધ પર ઉઠાવીને સ્મશાન ગૃહ સુધી લઇ જવાતી હતી, ત્યારે ડાઘુઓને તાકાત મળી રહે તે માટે ઘારી ખવડાવાતી હતી. જો કે સુરતની ઓળખ બનેલી ઘારી ભલે પ્રેત ભોજન (મરણ પ્રસંગે) તરીકે શરૂ થઇ હોય, પરંતુ હવે સુરતનો ટ્રેડમાર્ક બની છે. આજે સુરતમાં કરોડો રૂપિયાની ઘારીનું એક બે દિવસમાં જ વેચાણ થઈ રહ્યું છે. એક સમયે મરણ પ્રસંગે ખવાતી ઘારી હવે ચંદની પડવામાં વીઆઈપી બની ગઈ છે અને અન્ય મીઠાઈ કરતાં વધુ કિંમતમાં ઘારીનું વેચાણ થઈ રહ્યું છે. આ ઘારી ખરીદવા માટે લોકો કલાકો સુધી લાઈનમાં પણ ઉભેલા જોવા મળે છે.

સુરતઃ શુક્રવારે સુરતવાસીઓનો પોતીકો તહેવાર એટલે કે ચંદની પડવો છે. માત્ર સુરતમાં જ ઉજવાતા આ દિવસે ભુસુ અને ઘારી આરોગવાની પરંપરા છે. આખા ભારતમાં માત્ર સુરતમાં ઉજવાતા ચંદી પડવા બાબતે માત્ર એટલું કહી શકાય કે સુરતથી ડુમસ વચ્ચે ઉજવાતા તહેવાર એટલે ચંદી પડવામાં સુરતના ડુમસ રોડ ઉપર આજે સુરતીઓનો ઘારી મેળો જોવા મળશે. દેશમાં આ તહેવાર પહેલા માત્ર સુરતમાં જ ઉજવાતો હતો પરંતુ હવે તેની સોડમ વિદેશમાં પણ પહોંચી છે. વિદેશમાં રહેતા ભારતીયો માટે પણ સુરતના જુદી જુદી મિઠાઈની દુકાનોમાંથી ટનબંધ ઘારી વિદેશમાં મોકલવામાં આવી છે. જેથી આ તહેવાર હવે માત્ર સુરતમાં જ નહીં વિદેશમાં પણ ઉજવાતો થયો છે.

સુરતના ડુમસ રોડ ઉપરાંત હવે પાલ ગૌરવથ અને અનેક જગ્યાઓ ઉપર સુરતીઓ રસ્તાની બાજુએ બેસીને ઘારી અને ભૂસાની મજા માણશે. છેલ્લા થોડા વરસોથી મિત્રો અને પરિવાર સાથે ફાર્મ હાઉસો, આગાસી, ધાબા, એપાર્ટમેન્ટના પાર્કિંગ સહીતની જગ્યાઓ પર ઘારી-ભુસા પાર્ટી કરીને ચંદની પડવો ઉજવવાનો ટ્રેન્ડ પણ વધ્યો છે.

સુરતની ઘારી અને 1857ના વિપ્લવ દરમિયાન સુરત આવેલા તાત્યા ટોપે જેવા વિપ્લવકારીઓને ઘારી પીરસાઇ

...અનુસંધાન પાના 5 પર

# જીએસટી ચોરી કૌભાંડમાં હવે ઈડીની એન્ટ્રી, સુરત સહિત 23 સ્થળે દરોડા

**જીએસટી** ચોરીના કૌભાંડની તપાસમાં મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ થઈ

ગાંધીનગરઃ તાજેતરમાં સેન્ટ્રલ જીએસટી દ્વારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ નોંધાવવામાં આવેલી 25 પાનાની ફરિયાદના પગલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુલ આઠ આરોપીઓની ધરપકડ કરીને તપાસ કરાઈ રહી છે, ત્યારે કરોડોની જીએસટી ચોરીના કેસમાં હવે ઈડી (એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ-2002 અન્વયે ફરિયાદ દાખલ કરીને આજે સમગ્ર ગુજરાતમાં 23 સ્થાનો પર દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ઈડીના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ, રાજકોટ, સુરત, કોડિનાર ખાતે દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ખાસ કરીને ધ્રુવી એન્ટરપ્રાઈઝ દ્વારા જીએસટી ચોરી કરાઈ હોવાના પુરાવા તપાસનીશ અધિકારીને હાથ લાગ્યા છે. ગુજરાતમાં 13 કંપનીઓ સામે બોગસ બિલીંગની તપાસ કરવામાં આવી રહી છે. પત્રકાર મહેશ લાંગા સહિત 8 જેટલા આરોપીઓની અત્યાર સુધીમાં ધરપકડ કરવામા આવી છે. ડીએ એન્ટરપ્રાઈઝ દ્વારા જે બોગસ બિલો તૈયાર કરાયા છે, તેની તપાસમાં મહેશ લાંગની ધરપકડ કરાઈ છે.

ધ્રુવી એન્ટરપ્રાઈઝ દ્વારા જે પાન કાર્ડ તથા ઈ-મેઈલ અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરાયો છે. તે 34 શેલ કંપનીઓમાં એક જ હોવાનું માલુમ પડયું છે. જેમાંથી 11 કંપનીઓ ગુજરાતમાં રજીસ્ટર્ડ થયેલી છે. વધુ વિસ્તૃત તપાસ કરતાં આ 34 કંપનીઓના પાનકાર્ડ, મોબાઈલ નંબર તથા ઈમેઈલ તપાસ કરતાં તે અન્ય વધુ 186 કંપનીઓ સાથે સંકળાયેલા હોવાના પુરાવા મળ્યા છે. તે પૈકી 50 કંપનીઓ ગુજરાતમાં

...અનુસંધાન પાના 5 પર

### અંકલેશ્વર GIDCમાં કોકેઇન મેન્યુફેક્ચરિંગ પ્રકરણ

# અમિત મૈસુરીયાએ કથિત રીતે આવકાર પાસેથી રૂ.36 લાખનું કમિશન મેળવ્યું હતું

**અમિત** મૈસુરીયા એ ફર્મમાં કન્સલ્ટન્ટ હતો, જ્યાં ડ્રગ મેન્યુફેક્ચરિંગ યુનિટનો પર્દાફાશ થયો હતો

ભરૂચઃ અંકલેશ્વર GIDCમાં કોકેઈન મેન્યુફેક્ચરિંગના ભાંડાની પોલીસ તપાસમાં અમિત મૈસુરીયા ડ્રગ ઉત્પાદન અને વિતરણ નેટવર્ક પાછળનો મુખ્ય સૂત્રધાર હોવાનું બહાર આવ્યું છે. અમિત મૈસુરીયા એ ફર્મમાં કન્સલ્ટન્ટ હતો. જ્યાં ડ્રગ મેન્યુફેક્ચરિંગ યુનિટનો પર્દાફાશ થયો હતો.

તા.13 ઓક્ટોબરે અંકલેશ્વર GIDCમાં આવકાર પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 518 કિલો કોકેઈન જેની કિં.5,000 કરોડનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. વાઘોડિયાના રૂદ્રાક્ષ એલિગન્સના રહેવાસી અમિત મૈસુરીયાની અન્ય કન્સલ્ટન્ટ અને પેઢીના ત્રણ ડિરેક્ટર સાથે ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ડિરેક્ટરો અશ્વિન રામાણી, બ્રિજેશ કોટિયા અને વિજય ભેસાણિયા અને કન્સલ્ટન્ટ મયૂર દેસલે અને અમિત મૈસુરીયાને ત્રણ દિવસનાં ટ્રાન્ઝિટ રિમાન્ડ પર કસ્ટડીમાં લીધા હતા.

...અનુસંધાન પાના 5 પર

ચોથી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આજના દિવસે આપના ચિર વિદાયને ચાર વર્ષ પૂરા થયા છતાં આપ અમારી વચ્ચે છો એવી લાગણી સતત રહ્યા કરે છે,
આપની યાદ અમોને કાયમ રહેશે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

સ્વ. અંબાબેન નારસિંગભાઈ ચૌધરી
સ્વ. તા. ૧૮/૧૦/૨૦૨૦

લિ. નારસિંગભાઈ પાનાભાઈ ચૌધરી (પતિ)
કૌશિકકુમાર નારસિંગભાઈ ચૌધરી (પુત્ર)
નૂતન વિરેન્દ્ર ગામીત (પુત્રી-જમાઈ)
આરવ - વિહા (પૌત્ર-પૌત્રી)

નિવાસસ્થાનઃ બી-24, સરિતાનગર સોસાયટી, વ્યારા, જિ. તાપી.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

ભાવભીની શ્રદ્ધાંજલિ



આપ આપના કુટુંબના વટવૃક્ષ બની સર્વ માટે સ્નેહનો છાંયડો બની રહ્યા હતા. અમોને સત્કાર્યો પ્રત્યે અભિરુચિ કેળવતા શીખવ્યું.અમોને સદાય આશીર્વાદ આપતા રહ્યા.આપના પુણ્યશાળી આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાથના.

સ્વ.છોટુભાઈ કેશવભાઈ પટેલ
(રિટાયર્ડ જિલ્લા પંચાયત કર્મચારી)
મૂળ.રહેવાસી :- સરોલી ગામ
તા. ઓલપાડ
જન્મ તા. ૨૩/૬/૧૯૩૫
સ્વ. તા.૧૬/૨૦/૨૦૨૪

નોંધ : શાંતિ પ્રાર્થના યોજાઈ ગયેલ હોય, સ્વજનોને મળવા માટે તા.૧૮,૧૯,૨૦ સુધી સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમિયાન મુલાકાત લેવા વિનંતી.

લિ. સ્નેહલ ભાઈ બળવંત ભાઈ પટેલ (દોહિત્ર)

સરનામું :- ૧૦૯ તુલસીવન રો હાઉસ. જહાંગીરાબાદ,સુરત. મો.૯૯૨૫૬ ૦૭૨૬૨